# મોડાસામાં વરસાદી ઝાપટુ

મોડાસા, તા. ૨૧

આજના યુગમાં દુનિયા આધુનિકતા તરફ હરણફાળ ભરી રહી છે. વિકાસના નામે માનવીએ પર્યાવરણને પણ નુકશાન પહોંચાડ્યું છે. માનવીએ કુદરતી જંગલોનો નાશ કરી ક્રોંકીટના જંગલો ખડકી દેવામાં આવ્યો હોવાથી વાતાવરણ પર અવળી અસર પડવાના લીધે ક્લાઈમેન્ટ ચેન્જના ગંભીર પરિણામો હવામન પલ્ટાના કારણે જોવા મળી રહ્યા છે. શિયાળામાં વર્ષાઋતુનો અહેસાસ.

અરવલ્લી જિલ્લો શીતલહેરની ઝપેટમાં આવી ગયો છે ત્યારે અરવલ્લી જિલ્લામાં આ વરસાદી વાદળોએ બે દિવસથી જમાવટ કરી હતી અને આજે જિલ્લાના કેટલાક સ્થળોએ વરસાદ પણ વરસ્યો હતો. જ્યારે મોડાસા શહેરમાં બપોરે ૩ વાગે વરસાદી ઝાપટુ પડ્યુ હતુ. જેના લીધે મોડાસા શહેરના વાતાવરણમાં શીતલહેર પ્રસરી જવા સાથે મોસમે કરવટ બદલતા ચોમાસાની ઋતુનો અહેસાસ થયો હતો.



(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લામાં કાતિલ ઠંડીએ જમાવટ કરતા ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો અને રાયડો, જીરૂ, વરીયાળી, ઘઉ, બટાટા જેવી ખેતીને ભરપુર શીત હવામાનથી ફાયદો થવા લાગ્યો હતો ત્યાં આજે અચાનક બુધવાર સવારથી જ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ પેદા થઈ વરસાદ પડતાં શિયાળુ ખેતપેદાશો જેવી કે, ઘઉ, જીરૂ, વરીયાળી, તડબૂચ જેવા પાકોમાં અને બાગાયતી બાકોમાં રોગચાળો ફાટી નિકળવાની દહેશતથી ભૂમિપુત્રો ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. ચોમાસામાં વરસાદની અનિયમિતતાના લીધે અને કપાસના પોષણક્ષમ ભાવો ન મળવાના કારણે ખેડૂતોની હાલત ખરાબ બની ગઈ હતી ત્યારે શિયાળામાં પણ કમોસમી વરસાદના બેવડા મારે ભૂમિપુત્રોને વિચારતા કરી દીધા છે. ૨૩ જાન્યુઆરી પછી લગ્નસરાની મોસમ શરૂ થતી હોવાથી જેમના ઘરે લગ્નના માંડવા રોપવાની શરૂઆત થઈ ગઈ છે એવા પરિવારો આજે વરસાદી ઝાપટા અને વાદળછાયા વાતાવરણના કારણે ચિંતીત બની ગયા છે.



આ સૃષ્ટી પરના તમામ જીવોમાં મનુષ્ય હોય કે પશુ પંખી બધાના એક જ ભગવાન હોય છે... જ્યારે યંત્રના આ યુગમાં મનુષ્ય ઝડપી જીંદગીમાં ભાગે છે અને મનુષ્યો દ્વારા બનાવેલ મંદિરોના દર્શન આજકાલ મોબાઈલ કે ઓફિસોમાં મુકેલ ભગવાનની તસવીરોમાં જ કરે છે. પણ મંદિરમાં જવાનો જ ટાઈમ કોઈની પાસે હોતો નથી. પણ પ્રાંતિજમાં એક મંદિર આગળ એક શ્વાન ભગવાન ભોલેશિવને ખરેખર મનથી એક ઘડી માટે બે હાથ જોડી કાંઈક માંગી રહ્યો હોય તેવું આ તસવીરમાં દેખાઈ રહ્યું છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# ધનસુરા ચાર રસ્તા પર બનાવેલા બમ્પથી અકસ્માત થવાનો ભય

વડાગામ, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના વડાગામ નજીક આવેલા ધનસુરામાં તા. ૧૩-૧-૨૦૧૫ના રોજ થયેલ અકસ્માતમાં ટ્રક ચાલકે બે વિદ્યાર્થીઓને કચડી નાખ્યા હતા. જેના લીધે ધનસુરા તાલુકામાં લોકો અવાક બની ગયા હતા. ધનસુરામાં આવેલ ચાર રસ્તા પર વારંવાર અકસ્માત થવાના કારણે લોકો ચાર રસ્તા પર સરકારી તંત્ર દ્વારા સર્કલ બનાવી આપવાની માંગ સાથે ચક્કાજામ કરી દીધો હતો અને દિલ્હી મુંબઈ જતી આવતી ટ્રકો તથા ઓવરલોડ સાધનો ધનસુરા ચાર રસ્તા થઈ પસાર થતા હોઈ લોકોએ અરવલ્લી જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટ સાહેબે લોકોની માગણીને ધ્યાનમાં રાખી સરકારી તંત્રને તાત્કાલીક ધોરણે બમ્પ બનાવવાનો આદેશ કર્યો હતો. જેના પગલે સરકારી તંત્રએ ઉતાવળમાં બમ્પ તો બનાવી દીધા પરંતુ બમ્પ ઉપર નિયમ અનુસાર સફેદ પટ્ટા કે રેડિયમ રીફલેક્ટર ન લગાવતાં અકસ્માત રોકવા બનાવેલ બમ્પ અકસ્માતનું સર્જન કરતા હોય તેવુ લાગી રહ્યું છે. તાત્કાલિક બનાવેલ બમ્પ અને એથીયે અગાઉ બનાવેલ બમ્પ વિશે અવર-જવર કરતા વાહનચાલકો અજાણ હોવાથી અને રાત્રે આ બમ્પ વાહન ચાલકોને ન દેખાતા અચાનક જ બ્રેક મારવાથી નાના મોટા વાહનચાલકો, બાઈક ચાલકોપણ ગબડી પડતા હોવાનુંજાણવા મળેલ છે. તો ધનસુરા તાલુકાની પ્રજાજનોમાંસરકારી તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે, ધનસુરા તાલુકાના અગ્રણીઓના જણાવ્યા અનુસાર ચાર રસ્તા પર બનાવેલ બમ્પ પર સરકારી તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી સફેદ પટ્ટા અથવા રીફલેક્ટર લગાવે તેવી પ્રજાજનો માંગ કરી રહ્યા છે.



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

## આજે લોહાણા સમાજ વિરદાદા જશરાજ શહિદ દિન મનાવશે

ગાંધીનગર, તા. ૨૧

અખિલ ગુજરાત લોહરાણા (લોહાણા) એકતા સમિતિ દ્વારા ગુજરાતભરમાં તા. ૨૨મી જાન્યુઆરીએ વિરદાદા જશરાજ શહિદ દિન મનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમિતિ દ્વારા આયોજિત આ 'વિરદાદા જશરાજ શહિદ દિન' નિમિત્તે તા. ૨૨મી જાન્યુઆરીથી તા. ૨૬મી જાન્યુઆરી દરમ્યાન વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, રમત-ગમત સ્પર્ધા, રક્તદાન કેમ્પો, વિરદાદા જશરાજના શૌર્યભર્યા ઈતિહાસ પર વક્તવ્ય જેવા કાર્યક્રમો યોજાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે પુરાતન કાળમાં વિરદાદા જશરાજે લગ્નના માંડવેથી સીધા યુદ્ધમાં ઝંપલાવીને આક્રમણખોરોને મારી ભગાડી મુક્યા હતા. અને ત્યારે તેમની છળકપટથી હત્યા કરવામાં આવી હતી. ત્યારથી તેમની યાદમાં લોહાણા સમાજ દ્વારા તેમના શહિદ દિને વિરદાદા જશરાજના શોર્યભર્યા ઈતિહાસનું મનન કરવામાં આવે છે અને તેમની વિરતાને બિરદાવવામાં આવે છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર પંથકમાં આજે બુધવારનો દિવસ માર્ગ દુર્ઘટનાનો દિવસ પુરવાર થયો હતો. પાલનપુર-ડીસા હાઈવે પર ચડોતર પાસે બાઈક સવાર વિપ્ર બંધુઓને નડેલા અકસ્માતમાં એક વિપ્રનું અરેરાટીભર્યુ મોત નીપજ્યું હતું. ત્યારે પાલનપુર તાલુકાના વગદા ગામ પાસે વળાંકમાં આઈશર ટ્રક અને જીપની વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં છ લોકો ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# અરવલ્લી જિલ્લામાં મહાબીજની ભવ્ય ઉજવણી માટે તૈયારી પૂર્ણ

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લામાં ગુરૂવાર ૨૨મીએ મહાસુદ (મહાબીજ)નો ઉત્સવ ભારે ધામધૂમથી ઉજવવા માટે તડામાર તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. મહાબીજ એ રણુજાના રાજા રામદેવપીરની બારબીજમાંથી સૌથી વધારે અને અનેરૂ મહત્વ ધરાવતી હોવાથી અને મહાસુદનો મોટો મહિમા હોઈ ભક્તજનોમાં અનેરો આનંદ ઉત્સાહ હોય છે.

અરવલ્લી જિલ્લાના મોડાસાના પ્રસિદ્ધ દેવરાજધામમાં મહાબીજના ઉજવણીના આયોજનમાં મહાપંડિત અને ભવિષ્યવાણી વ્યાખનારા દેવાયતના દરબારમાં મહાઆરતી, મહાવિષ્ણુયાગ, ૧૦૦૮ દિવડાની સંધ્યા આરતી સંતો મહંતો અને મહામંડલેશ્વરોના સામૈયા, ધર્મસભા અનેરાત્રે ભજન આરાધનાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુંછે. દેવરાજ ધામના મહંત પૂ. ધનેશ્વરગીરી મહારાજના જણાવ્યા અનુસાર દર્શનાર્થીઓ માટે નેત્ર નિદાન કેમ્પ અને ચશ્માનું વિતરણ કાર્યક્રમ જ્યારે દેવરાજગુરૂગાદી દ્વારા પંથકની ગૌમાતાઓને નિરણ પુરૂ પાડવામાં આવશે. મોડાસા તાલુકાના મહાદેવગ્રામની નજીક આવેલા રાજપુરના પ્રાચીન રામદેવ મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ ધામધુમથી પાટોત્સવ ઉજવવામાંઆવશે. રાજપુરના મહાસુદ (મહાબીજના) દિવસે રામદેવપીરના ભજોનુંઘોડાપુર ઉમટશે.

મોડાસા-ધનસુરા રોડ પર દલીલપુરમાં આવેલા નકલંગ ગુરૂધામ આશ્રમે ગુરૂવારના દિવસે ભવ્ય અને ઉમંગભેર ઉજવણી કરવામાં આવશે.

## બનાસકાંઠામાં વોટસઅપ પર મુસ્લિમ સમાજની ધાર્મિક લાગણી દુભાતા જિલ્લા કલેકટરને આવેદનપત્ર અપાયું

પાલનપુર, તા. ૨૧

સરહદી બનાસકાંઠા જિલ્લામાં વોટસઅપ પર મુસ્લિમ સમાજની ધાર્મિક લાગણીને દુભાવતી પોષ્ટ વહેતી થઈ હોવાની ફરીયાદ વચ્ચે આજે પાલનપુર ખાતે બનાસકાંઠા જમીયત ઉલમાએ હિન્દ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી કોમી લાગણી ભડકાવતા તત્વોને નાથવાની માંગ કરાઈ હતી.

બનાસકાંઠા જિલ્લામાં વોટસઅપ પર 'ટીમ બનાસકાંઠા' ગ્રુપમાં કોઈ મશ્કરીખોરે એક પોષ્ટ વહેતી કરી છે. અલ્લાહની સામે અભદ્ર ટીપ્પણી કરતી પોષ્ટને લઈને મુસ્લિમ સમુદાયની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચી હોવાની ફરીયાદ વચ્ચે આજે બનાસકાંઠા જમીયત ઉલમાએ હીન્દી દ્વારા જિલ્લા કલેકટર દીલીપકુમાર રાણાને વેદનત્ર સુપ્રત કરાયું હતું. જેમાં આ ઘટનાને જમીયત ઉલમાએ વખોડી કાઢી આ ઘટનામાં સામેલ તત્ત્વોને શોધી કાઢી તેને કડક સજા કરી નશ્યત કરવાની માંગ કરી હતી. આ પ્રસંગે પ્રમુખ મૌલાના અબ્દુલકુદુસ, કુરેશી અતિકુર હેમાન, મૌલવી અલ્લાઉદ્દીન મઝાહીરી, એડવોકેટ ઈદ્રીશ પઠાણ અને સરફરાજ સીન્ધી સહીતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# પાલનપુર-ચડોતર હાઈવે પર બાઈક વીજ થાંભલે અથડાતા બાઈકચાલકનું મોત

પાલનપુર, તા. ૨૧

ડીસા હાઈવે પર ચડોતર પાસે બાઈક સવાર બે સગા ભાઈઓને અકસ્માત નડયોહતો. જેમાં પાલનપુરથી બાઈક પર ડીસા જઈ રહેલા બે યુવકોનું બાઈક ચડોતર પાસે વીજ થાંભલે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈકમાં આગ લાગી જતા બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત નિપજયું હતું. જયારે તેના ભાઈને ઈજા થતા સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

ડીસાના રહેવાસી વિક્રમ મહેન્દ્રભાઈ ત્રિવેદી અને તેનો ભાઈ અજીત મહેન્દ્રભાઈ ત્રિવેદી બાઈક લઈનેપાલનપુરથી ડીસા તરફ જઈ રહ્યા હતા ત્યારે ચડોતર હાઈવે પર અચાનક બાઈક વીજ થાંભલા પાસે ટકરાતા બાઈકમાં આકસ્મિક આગ લાગી જતા હાઈવે પર વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં વિક્રમનું અરેરાટીભર્યુ મોત નીપજયું હતું. જયારે તેના નાના ભાઈ અજીતનેઈજાઓ થતા તેનેસારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાતા ભારે હૃદયદ્રાવક દશ્યો સર્જાયા હતા.

## શૈક્ષણિક ક્ષેત્રે મોખરે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માધ્યમમાં શિક્ષણ મેળવવું જોઈએ તે માટેનો અભ્યાસ રજુ કર્યો છે. આ વિષય અંગે સંશોધન નિબંધ તૈયાર કરી તેમણે પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે.

કુ. ચેતના અરૂણ બૂચે આ અંગે તૈયાર કરેલા મહાશોધ નિબંધ માટે રાજયના વિવિધ જિલ્લાની શાખાઓમાં અભ્યાસ કરતા ૫ હજાર વિદ્યાર્થીઓને ધ્યાને લઈ ડેટા એકત્રિત કર્યો છે. જેના અંતે અંગ્રેજી કરતા ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉંચી શૈક્ષણિક સિધ્ધિ ધરાવતા હોવાનું માલુમ પડયું છે. જયારે ગ્રામ્ય વિસ્તાર કરતા શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ વધુ સારં શિક્ષણ પ્રાપ્ત કરતા હોવાનું પણ અભ્યાસના અંતે ધ્યાનમાં આવ્યું છે. સેમેસ્ટર સિસ્ટમ તેમજ બોર્ડના પરિરૂપ મુજબ હાથ ધરાયેલા આ સંશોધનના અંતે તૈયાર કરેલા મહાશોધ નિબંધ સંદર્ભે તેમણે જણાવ્યું હતું કે ગુજરાતી માધ્યમમાં વિદ્યાર્થીઓ પાયાનું શિક્ષણ વધુ મજબૂત રીતે ગ્રહણ કરી રહ્યા છે. દેખાદેખી અને આંધળા અનુકરણના લીધે ઘણીવાર વિદ્યાર્થીઓને ઘરમાં પણ તેવું વાતાવરણ મળતું નથી. બીજ તરફ ઘણી અંગ્રેજી મીડીયમની શાળાઓમાં પણ હિદી બોલાય છે. ગણિત,વિજ્ઞાન જેવા વિષય સમજ પર આધારિત છે જે ગોખણીયું જ્ઞાન બનીને રહી જાય છે. વિદ્યાર્થીઓનો રસભંગ થાય છે. માટે શાળકીય શિક્ષણ ગુજરાતી ભાષામાં જ હોવું જોઈએ. સંશોધન નિબંધના તારણોમાં તેમ પણ દર્શાવાયું છે કે વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓ સમગ્ર રીતે સમાન સ્તરનું શાળાનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે. અંગ્રેજીનું મહત્વ ઘણું છે. શિક્ષણના ક્ષેત્ર અને ટેકનોલોજી માટે અંગ્રેજી વગર ચાલતું નથી ત્યારે શાળાઓમાં અંગ્રેજી માત્ર વિષય તરીકે જ ન ભણાવાય પરંતુ વ્યવહારમાં ઉપયોગ થાય તેમ વોક એન્ડ ટોકના અભિગમ સાથે ફંકશનલ ગ્રામર શીખડાવવું જોઈએ. પી.એચ.ડી.ની આ પદવી મેળવવા બદલ તેમને કડી યુનિ.ના ડીન ડૉ. વીણાબેન પટેલે માર્ગદર્શન પુરું પાડયું હતું.

## ચિંતાનું મોજુ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેડૂતો માટે ચિંતાજનક બાબત બની છે. હવામાન ખાતા દ્વારા અપર એર સરકયુલેશનની આગાહીના સંકેતો મુજબ કમોસમી વરસાદની શકયતાએ ખેડૂતોમાં ચિંતા જન્માવી છે. ચાલુ સાલે ખેડૂતોને પોષણક્ષમ ભાવો અંગે ભારે હતાશા જન્મી છે ત્યારે કુદરતી આફતના ઓળા હેઠળ જીવતા ખેડૂતની વ્હારે કોણ આવશે? એક સાંધતા તેર તૂટે અને લાફા મારી ગાલ રાતા રાખવાનો વારો આવતાં ખેડૂત આલમ હાલાકી સામે બાથ બીડી મકકમ પણે સામનો કરી દિવસો પસાર કરવા મજબુર બન્યા છે.

## બમણા થઈ ગયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને હેલીપેડમાં ૧૦૮ મળીને કુલ ૪૩૯ બંદોબસ્ત કર્યા હતા. જે ગત વર્ષની સરખામણીમાં બમણા છે. તે ઉપરાંત ૨૦૧૩માં બચાવ કોલ શહેરમાં ૫૧, શહેર બહાર ૪૦ મળી કુલ ૯૧ બચાવ કોલ ગાંધીનગર ફાયરબ્રિગેડને મળ્યા હતા. જે ઘટીને વર્ષ-૨૦૧૪માં શહેમાં ૨૦ અને શહેર બહાર ૪૧ મળી કુલ ૬૧ બચાવ કોલ આવ્યા હતા. જ્યારે આગના કોલ ૨૦૧૩માં શહેરમાં ૮૮ અને શહેર બહાર ૩૩ મળી કુલ ૧૨૧ હતા જે ૨૦૧૪માં શહેરમાં ૮૩ અને શહેર બહાર ૪૦ મળીને કુલ ૧૨૩ આગના કોલ આવ્યા હતા.

## પરીક્ષા આપશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા. ૧૩ માર્ચથી શરૂ થનારી બોર્ડ પરીક્ષાને અનુલક્ષી બોર્ડ દ્વારા બોર્ડના પરીક્ષાર્થીઓનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર કેન્દ્ર માટે જિલ્લામાંથી ૩૧૭૦૯ વિદ્યાર્થીઓ ધો-૧૦ની પરીક્ષા આપશે જયારે ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં પણ જિલ્લામાંથી ૧૩૭૮૪ પરીક્ષાર્થીઓનું ચિત્ર સ્પષ્ટ થયા બાદ જિલ્લા શિક્ષણ તંત્ર કક્ષાએથી પણ આગામી બોર્ડ પરીક્ષાને ધ્યાને લઈ જરુરી તૈયારીઓ શરુ કરી દીધી છે. વાઈબ્રન્ટ સમિટ અને ઉત્તરાયણના ધમધમાટ બાદ વિદ્યાર્થીઓ અને શાળાઓનું ધ્યાન પણ પરીક્ષાલક્ષી તૈયારીમાં લાગી ગયું છે.

## માવઠાનો માહોલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં પણ કેટલાક સ્થળોએ છાંટા પડતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. હાલમાં રવિ પાકની સિઝન ચાલી રહી છે. ઘઉં, જીરૂ સહિતના પાકનો ઉભો મોલ ખેતરોમાં લહેરાઈ રહ્યો છે ત્યારે વાદળીયુ વાતાવરણ પાક ઉત્પાદનમાં ઘટાડો લાવશે તેવી ખેડૂતોને ભીતી છે. એટલું જ નહિ પાકમાં રોગચાળો ફેલાવવાનો પણ ભય સર્જાયો છે. વાદળો વિખેરાશે તો પછી ઠંડીમાં વધારો થશે તેવી નિષ્ણાતોની આગાહી છે.

## શબ્દાવલી - ૫૯૨૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ |
| ૬ | | ■ | ૭ | ૮ | | ■ | |
| ૯ | | ■ | ૧૦ | | ■ | ૧૧ | |
| | ■ | ૧૨ | ■ | ૧૩ | | | ■ |
| ૧૪ | | | ■ | | ■ | ૧૫ | ૧૬ |
| | ■ | ૧૭ | ૧૮ | ■ | ૧૯ | ■ | |
| ■ | ૨૦ | | | ■ | ■ | ૨૧ | |
| ૨૨ | | ■ | ■ | ૨૩ | | | |

### આડી ચાવી

૧. પહેલાના જમાનાનું એક નાણું (૪)
૪. યોગ્ય, ઉચિત (૩)
૬. પૃથ્વી, ભૂમિ (૨)
૭. ખરાબ અંજામ (૩)
૯. ખરબચડા પથ્થરને... પણ કહે છે (૨)
૧૦. યશ (૨)
૧૧. ચાલુ દિવસ, ટૂંડે (૨)
૧૩. નરસિંહ મહેતાનું વાદ્ય (૩)
૧૪. પ્યાર, પ્રેમ, ચાહવું તે (૩)
૧૫. રક્ષક, ચોકી કરનાર (૨)
૧૭. મેવાડની કૃષ્ણભક્ત મહારાણી (૩)
૧૯. વાયરો (૧)
૨૦. નભ, અંબર (૩)
૨૧. અછત, ન્યૂનતા (૨)
૨૨. રાત્રિ, ભજન (૨)
૨૩. એક મોટું ફળ (૪)

### ઊભી ચાવી

૧. અધવચ્ચે, અડધેથી (૬)
૨. નાણાં ધીરનાર કરનાર (૩)
૩. પતંગ ચડાવવાના દોરાની મોટી રીલ (૩)
૪. દુર્ગંધ (૩)
૫. એક વાનગી (૩)
૮. શંકર પાર્વતીનો પુત્ર (૪)
૧૧. આળ, નામોશી (૩)
૧૨. ટચલી આંગળી પાસેની આંગળી (૪)
૧૬. અતિ ગીચ, એકદમ ભેગુ (૪)
૧૮. દોરડું (૨)
૨૦. ઇચ્છા, અભિલાષા (૨)
૨૧. ટેન્ટ, એક લાલે દરવાજે... તાણીયારે લોલ (૨)

### શબ્દાવલી ૫૯૨૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) રઝળપાટ (૫) વાંક (૭) તટ (૮) લસણ (૧૦) આતુરતા (૧૧) શિવ (૧૨) કપાત (૧૪) પાવક (૧૫) કુંપળ (૧૬) કપાત (૧૪) પાવક (૧૫) કુંપળ (૧૬) વેદ (૧૮) ક્ષત્રીય

**ઊભી ચાવી :-** (૧) રતન (૨) ઝટ (૩) પાલતુ (૪) ટસર (૬) કયામત (૯) ણતાકપ (૧૦) આવક (૧૧) શિવરાત્રી (૧૩) પાળ (૧૫) કુંદન (૧૭) ચાતક (૧૮) ક્ષમા (૧૯) યક્ષ (૨૧) ફના (૨૨) રવિ

### જાહેર નિવિદા નં. ૧૦/૨૦૧૪-૧૫

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.૧, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ દ્વારા વિદ્યુત કામોને લગતા ૧ થી ૩ કામો કે જેની અંદાજીત રકમ રૂ. ૧૩,૯૭૭-૦૦ થી રૂ. ૧,૯૮,૩૬૦-૦૦ની વચ્ચેની છે.

જે માટે માન્ય મૂળ ઉત્પાદકો કે મૂળ ઉત્પાદકો દ્વારા અધિકૃત કરેલ પેઢીઓ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારશ્રી પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામના ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૨૭/૧/૨૦૧૫ (સમય ૧૬-૦૦ કલાક) સુધી છે. ભરેલ ટેન્ડરો રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની તા. ૩/૨/૨૦૧૫ છે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

જો સરકારશ્રી દ્વારા આકસ્મિક રજા જાહેર થાય તો ટેન્ડર આપવાની તથા મેળવવા અંગેની જાહેર રજા પછીના કચેરીના કામકાજના દિવસની ગણત્રીમાં લેવામાં આવશે.

માહિતી/૨૨૩૮/૨૦૧૪-૧૫

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ટચૂકડી જાહેર ખબર
જોઈએ છે
કેટરીંગ માટે, પીરસવા ભાઈઓ-બહેનો, (પ્યુન) પટાવાળા તથા સીક્યુરીટી ગાર્ડ, ઈન્ચાર્જ સુપરવાઈઝર જોઈએ છે.
સંપર્ક કરો
મો. : ૯૯૨૪૧ ૨૭૬૦૧
મો. : ૯૯૨૪૧ ૨૮૪૦૫

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.